# હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી

રાજમહેલ રોડ, પો.બો.નં. ૨૧,પાટણ (ઉ.ગુ.) – ૩૮૪૨૬૫

www.ngu.ac.in


<u>પરિપત્ર નં.– ૧૨/૨૦૧૪</u>

**વિષય : પ્રવેશના નિયમો અંગે.**

આ યુનિવર્સિટીના પરિપત્ર નં.૧૬૨/૨૦૧૩ તા.૩૦/૭/૨૦૧૩ ના પત્રાંક એકે/પ્રવેશ/૪૬૪૨/૨૦૧૩ તથા પરિપત્ર નં.૨૪૧/૨૦૧૩ તા.૨૧/૧૨/૨૦૧૩થી આ યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓને જણાવવામાં આવેલ છે કે જે વિદ્યાર્થીઓ સેમેસ્ટર–૧માં નાપાસ હોય તેવા વિદ્યાર્થીઓને સેમેસ્ટર–૫માં પ્રવેશ આપવો અને જે વિદ્યાર્થીઓ સેમેસ્ટર–૨માં નાપાસ હોય તેવા વિદ્યાર્થીઓને સેમેસ્ટર–૬માં પ્રવેશ આપવો તેમ સ્પષ્ટ જણાવેલ છે. જે સ્વયં સ્પષ્ટ છે.

આ બાબતે પુનઃ વિચારણા કરવાની રજુઆત આવતા સર્વ વિદ્યાશાખાઓના ડીનશ્રીઓની સભા તા.૯/૦૧/૨૦૧૪ ના રોજ મળેલ. સભામાં નકકી થયા મુજબ જયાં સુધી સેમેસ્ટર–૧નું પરિણામ જાહેર ન થાય ત્યાં સુધી વિદ્યાર્થીને સેમેસ્ટર–૬માં પ્રવેશ આપી દેવા અને સેમેસ્ટર–૧નું પરિણામ આવે અને વિદ્યાર્થી તેમાં પાસ થાય તો તેનું સેમેસ્ટર–૬નું સત્ર ચાલુ રાખવું અને જો વિદ્યાર્થી સેમેસ્ટર–૧માં નાપાસ થાય તો તેનું સેમેસ્ટર–૬નું પરીક્ષા ફોર્મ રદ કરવું. એટલે કે સેમેસ્ટર–૧ ની પરીક્ષામાં નાપાસ થયેલ વિદ્યાર્થી સેમેસ્ટર–૬ની પરીક્ષા આપી શકશે નહીં પરંતુ તેનું સેમેસ્ટર–૬નું સત્ર માન્ય ગણવાનું રહેશે. આ નિયમ ચાલુ એકેડેમિક વર્ષ એટલે કે ૨૦૧૩–૧૪ માં સેમેસ્ટર–૬માં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીને જ લાગુ પડશે અને તે પુરતુ જ મર્યાદિત રાખવાનું રહેશે. જેનો ચુસ્તપણે અમલ કરવા સર્વે આચાર્યશ્રીઓને જણાવવામાં આવે છે.

(ડૉ.ધ.મ.પટેલ)
કા.કુલસચિવ

નં.એકે/પ્રવેશ/૭૯૪૬/૨૦૧૪
યુનિવર્સિટી રોડ, પો.બો.નં.૨૧,
પાટણ – ૩૮૪૨૬૫ (ઉ.ગુ.)
તારીખ : ૧૭/૦૧/૨૦૧૪

પ્રતિ,

૧. આચાર્યશ્રી, યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજો
૨. પરીક્ષા નિયામકશ્રી, હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ.
૩. અધ્યક્ષશ્રીઓ, યુનિવર્સિટીના તમામ વિભાગો / સર્વ શાખાઓ
૪. યુનિવર્સિટી કોમ્પ્યુટર સેન્ટર (યુનિવર્સિટી વેબસાઈટ ઉપર મુકવા સારૂ)